# સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, આણંદના નિવૃત્ત સિનિ. મેનેજર દીપકભાઈ કે. શાહનો યોજાયેલ શુભેચ્છા સમારોહ





(સમાચારદાતા)આણંદ,તા.૧૧

સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, આણંદના નિવૃત્ત સિનિયર મેનેજર ભાલેજના વતની આણંદ સ્થિત દીપકભાઈ કનૈયાલાલ શાહનો શુભેચ્છા સમારોહ તા. ૮/૭/૨૦૧૮ને રવિવારે સાંજે ૫.૦૦ કલાકે સરદાર પટેલ બેન્કવેટ હોલ, આણંદ ખાતે પૂ. ડૉ. વાગીશકુમારજી મહોદયની નિશ્રામાં ભારે હર્ષોલ્લાસ સાથે સંપન્ન થયો હતો.

પૂ. ડૉ. વાગીશકુમારજીએ આશીર્વચન પાઠવતાં જણાવ્યું હતું કે મનુષ્યે જીવનમાં માતૃપિતૃ ઋણ, ઋષિ ઋણ, અને દેવઋણ ચૂકવવું જોઈએ. માનવ ભગવદકાર્યમાં આગળ વધે તે દેવઋણ, ગુરૂ પ્રત્યે આદરભાવ વ્યકત કરે તે ઋષિ ઋણ અને માતાપિતાની સ્નેહથી સેવા કરે તે માતૃપિતૃ ઋણ. આજના મુખ્ય યજમાન દીપકભાઈ શાહ આ ત્રણેય ઋણ ચૂકવી સર્વાત્મભાવ વ્યકત કર્યો છે. તે માટે તેઓ અભિનંદનને પાત્ર છે.

દીપક તો ભગવાનનું રૂપ છે. દરેક મનુષ્ય ભગવાનનો જ એક અંશ છે અહીં હજારો દીપક બેઠા છે. જેની અંદર વિશેષ ગુણ દેખાય તે તમામ પ્રભુના અંશ છે. અંદરનો દીપક જાગે તો જ ભકિત કે સમાજ સેવા થઈ શકે. દીપકભાઈ શાહ હવે જીવનની બીજી ઈનીંગ શરૂ કરી રહયા છે ત્યારે તેઓ નિવૃત્તિને નવી દિશા આપી સમાજ સેવામાં અને અધ્યાત્મમાં ઝળહળતી ફતેહ મેળવે તેવી અંતરની શુભેચ્છા છે.

મુખ્ય યજમાન દીપકભાઈ શાહે પોતાના સન્માન અને શુભેચ્છાનો પ્રતિભાવ આપતાં પોતાના સન્માન અને શુભેચ્છાનો પ્રતિભાવ આપતાં પોતાના ભવ્ય સન્માન બદલ સૌના પ્રત્યે કૃતજ્ઞતાની લાગણી વ્યકત કરી હતી.

આ પ્રસંગે લાયન્સ કલબ આણંદ, વૈષ્ણવ વણિક સમાજ, ભાલેજ, અમૂલ્ય સિનિયર સિટીઝન કલબ, આણંદ, મધુદીપ ફાઉન્ડેશન, આણંદ, સિનિયર સિટીઝન ફોરમ, આણંદ, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા પરિવાર વગેરે સમાજસેવી સંસ્થાઓ અને શુભેચ્છકોએ દીપકભાઈ શાહને સન્માનપત્ર એનાયત કરી શાલ ઓઢાડી યથોચિત સન્માન કર્યું હતું.

આ પ્રસંગે અતિથિવિશેષ પદ સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાના ડેપ્યુટી ઝોનલ મેનેજર સી. જે. કોટેચા, સિનિયર રિઝીયોનલ મેનેજર મોહિત કોડનાની, જનરલ સેક્રેટરી રશ્મિક વિ. શેઠ, આણંદ મત વિસ્તારના ધારાસભ્ય કાન્તિભાઈ પરમાર, તેજેન્દ્ર ઠક્કર, વગેરેએ શોભાવ્યું હતું.

આ પ્રસંગે દીપકભાઈ શાહનાં ૯૦ વર્ષીય માતુશ્રી ચંપાબા, ધર્મપત્ની જયોત્સનાબેન, દીકરી ક્રિષ્ના સહિત સમગ્ર પરિવાર ઉપસ્થિત રહયો હતો.

સ્વાગત પ્રવચન તુલીપ કન્ટ્રકશન, આણંદના વિનય પરીખ અને ક્રિષ્ના દીપકભાઈ શાહે કર્યું હતું. તો આભારવિધિ પ્રજ્ઞેશભાઈ શાહ અને ભૈરવ શાહે કરી હતી.

આ પ્રસંગે ધારાસભ્ય કાંતિભાઈ પરમારે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જીટોડિયા સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાના મેનેજર તરીકે દીપકભાઈ શાહે કરેલ જરૂરતમંદોની સેવા અર્થે કરેલ કાર્યોની સુંદર ઝલક આપી હતી.

સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન નિવૃત આચાર્ય વિપિન પંડયાએ કર્યું હતું.

આ પ્રસંગે આશીર્વચન દાતા પૂ. ડૉ. વાગીશકુમારજીનું પૂજન તથા ભવ્ય સન્માન વિપિન પંડયા, દીપકભાઈ શાહ પરિવાર દ્વારા કરવામાં આવ્યું હતું.

# સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા આંતર કોલેજ ક્રોસ કંટ્રી રેસ સ્પર્ધા યોજાઈ





આણંદ, તા. ૧૧

સરદાર પટેલ યુનિવર્સિટીના શારીરિક શિક્ષણ વિભાગ દ્વારા તારીખ ૧૦/૭/૨૦૧૮ના રોજ સવારે ૭.૩૦ કલાકે આંતર કોલેજ ક્રોસ કંટ્રી (ભાઈઓ/બહેનો)ની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઉપરોકત સ્પર્ધાના ભાઈઓના વિભાગમાં ૨૫ કોલેજોનાં ૧૦૯ ખેલાડી ભાઈઓ તથા બહેનોના વિભાગમાં ૧૧ કોલેજોની ૪૭ બહેનોએ ભાગ લીધો હતો. આંતર કોલેજ ક્રોસ કંટ્રી રેસ સ્પર્ધામાં ભાઈઓ ૧૨.૫ કિલોમીટર તથા બહેનો ૬ કિલોમીટર સુધી દોડ્યા હતા.

આંતર કોલેજ ક્રોસ કંટ્રી ભાઈઓ બહેનો સ્પર્ધાના ઉદ્‌ઘાટન સમારંભમાં સરદાર પટેલ યુનિવર્સિટીના બોર્ડ ઓફ સ્પોર્ટસ એન્ડ વેલ્ફેરના ચેરમેન રાજેશભાઈ પટેલ તથા સુનિલભાઈ શાહ સિન્ડીકેટ મેમ્બરએ હાજર રહી ખેલાડી ભાઈઓ/બહેનોને પ્રોત્સાહિત કરી સ્પર્ધાને લીલી ઝંડી આપી સ્પર્ધકોને દોડ માટે સ્ટાર્ટ આપ્યો હતો.

આ આંતર કોલેજ ક્રોસ કંટ્રી સ્પર્ધાના ભાઈઓના વિભાગમાં એન.એસ.પટેલ આર્ટસ કોલેજ, આણંદની ટીમ વિજેતા તથા બી.જે.વી.એમ. કોમર્સ કોલેજ, વલ્લભ વિદ્યાનગરની ટીમ ઉપવિજેતા થઈ હતી. જયારે બહેનોના વિભાગમાં એન. એસ. પટેલ આર્ટસ કોલેજ, આણંદની ટીમ વિજેતા તથા ડી. એમ. પટેલ આર્ટસ એન્ડ એસ. એસ. પટેલ કોમર્સ કોલેજ, ઓડની ટીમ ઉપવિજેતા થઈ હતી.

આ ક્રોસ કંટ્રી ભાઈઓ/બહેનો સ્પર્ધાના આયોજનમાં સરદાર પટેલ યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના ફિઝીકલ ઈન્સ્ટ્રકટરો, બી.જે.વી.એમ. કોમર્સ કોલેજના એન.સી.સી. કેડેટ, વલ્લભ વિદ્યાનગરના પોલીસ કર્મચારી ભાઈઓ, યુનિવર્સિટી હેલ્થ સેન્ટરના સ્ટાફ તથા શારીરિક શિક્ષણ વિભાગના નિયામકશ્રી તથા તેમના કર્મચારીઓએ સેવાઓ આપી હતી.

# કરમસદની શ્રી કૃષ્ણ હોસ્પિટલનું બાલસખા-૩ યોજનામાં જોડાણ

આણંદ, તા. ૧૧

રાજયના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા અમલમાં મૂકવામાં આવેલ બાલસખા-૩ યોજનામાં કરમસદની શ્રીકૃષ્ણ હોસ્પિટલનું જોડાણ થવા પામેલ છે.

શ્રી કૃષ્ણ હોસ્પિટલનું બાલસખા-૩ યોજનામાં જોડાણ થતા જિલ્લાના લોકોને તેનો લાભ મળશે જેથી બાલસખા-૩ યોજના અંતર્ગત હવેથી આ હોસ્પિટલમાં બાળકોને દાખલ કરવા સહિત સારવાર મળી રહેશે તેમ આણંદના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. આર.બી.પટેલે એક યાદી દ્વારા જણાવ્યું છે.



ગુજરાત રાજ્ય સહકારી સંઘ ગુજરાત નિયંત્રિત બજાર સંઘ અમદાવાદના સંયુકત ઉપક્રમે છોટાલાલ વ્યાસ સેન્ટર ઓફ કો.ઓપરેટીવ મેનેજમેન્ટ નડીઆદ ખાતે ડિપ્લોમા ઈન એગ્રીકલ્ચરલ માર્કેટીંગ મેનેજમેન્ટ (ડી.એ.એમ.એમ.) કોર્સનું ઉદ્‌ઘાટન કરતા ગુજરાત રાજ્ય સહકારી સંઘના મંત્રી અરવિંદભાઈ તાગડીઆ, એકઝીકયુટીવ ઓફિસર શીતલભાઈ ભટ્ટ, સંઘના સેક્રેટરી, નરેન્દ્રસિંહ છાસટિયા તથા અન્ય મહાનુભાવો.

# તમાકુ નિયંત્રણ અધિનિયમની વિવિધ જોગવાઈઓ હેઠળ ૧૭૯ કેસો કરી રૂા. ૧૫૫૯૦નો દંડ વસુલ કરાયો

આણંદ, તા. ૧૧

તમાકુ અને તમાકુની બનાવટોથી થતા નુકશાન અંગે લોકજાગૃતિ કેળવાય અને યુવાધન તમાકુનો વપરાશ ઓછો કરે તે હેતુસર સરકાર દ્વારા તમાકુ નિયંત્રણ અધિનિયમ-૨૦૦૩ના અમલીકરણ માટે લોકજાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવી રહ્યું છે.

જેના ભાગરૂપે તાજેતરમાં ટોબેકો કંટ્રોલ સેલ, આણંદ દ્વારા જિલ્લામાં વ્યાપક લોકજાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ અભિયાન દરમિયાન કોટપા એકટ-૨૦૦૩ની કલમ-૬(અ)ના ભંગ બદલ ૧૨૩ કેસો કરી રૂા. ૧૨૯૬૦/નો દંડ અને કલમ-૬(બ)ના ભંગ બદલ બે (૨) કેસ કરી રૂા. ૪૦૦/- અને કલમ-૪ના ભંગ બદલ ૫૪ કેસો કરી રૂા. ૨૫૯૦/-નો દંડ મળી જિલ્લામાં કુલ-૧૭૯ કેસો કરી રૂા. ૧૫૫૯૦/-નો દંડ વસુલ કરવામાં આવ્યો હોવાનું જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. આર.બી.પટેલે એક યાદી દ્વારા જણાવ્યું છે.

BEST QUALITY
રેઈનકોર્ટ છત્રી મળશે
G. Darshan FASHION
પ્રાર્થના વિહાર કોમ્પલેક્ષ, આણંદ-વિદ્યાનગર રોડ, આણંદ - ૩૮૮૦૦૧.
મેન્સવેર । લેડીઝવેર । કીડ્ઝવેર

લગ્નગ્રંથિથી જોડાયા છીએ



અમો નીચે સહી કરનાર પટેલ ભૃગેશ ઈન્દ્રવદનભાઈ તથા સુથાર મયુરીબેન બકુલભાઈ બંને રહે.ઓડ અમારી રાજીખીશીથી હિન્દુ શાસ્ત્રોક્ત વિધિ અનુસાર લગ્નગ્રંથિથી જોડાયા છીએ.

લિ.
પટેલ ભૃગેશ ઈન્દ્રવદનભાઈ
સુથાર મયુરીબેન બકુલભાઈ
મુ.પો.ઓડ, તા.ઉમરેઠ, જી.આણંદ

# એમ. બી. પટેલ સાયન્સ કોલેજમાં વ્યાખ્યાન યોજાયું



આણંદ, તા. ૧૧

એમ. બી. પટેલ સાયન્સ કોલેજમાં ટી.વાય.બી.એસ.ના વિદ્યાર્થીઓ માટે ગેસ્ટ લેકચરનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ યોજાયેલ વ્યાખ્યાનમાં સંસ્થાના એકઝીકયુટીવ ડાયરેકટર ડૉ. મહેશભાઈ પટેલે વિદ્યાર્થીઓને ૯ કી ઓફ સકશેસ - સફળતાની નવ ચાવીઓ વિશે માહિતી આપતા પર્સનલ વિઝન એટીટયુડ, એપીકસ, ટાઈમ મેનેજમેન્ટ જેવા મુદ્દાઓ પર માહિતી આપી હતી.

આ પ્રસંગે હરીશભાઈ દરજી, નેશનલ ટ્રેનર જેસીઆઈ તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહયા હતા.

જોઈએ છે

શ્રી શાળા સમિતિ પાળજ સંચાલિત નોન ગ્રાન્ટેડ શ્રી સરસ્વતી હાઈસ્કૂલ પાળજ પૂર્વ પ્રાથમિક વિભાગ (ધોરણ ૧ થી ૫) માં એમ.એ. બી.એડ. અથવા પી.ટી.સી. લાયકાત ધરાવતા તેમજ કોમ્પ્યુટરનું જ્ઞાન ધરાવતા શિક્ષકોની જરૂરીયાત હોય પોતાના સહ હસ્તાક્ષરમાં તમામ પ્રમાણપત્રોની પ્રમાણિત નકલો સાથે નીચેના સરનામે બંધ કવરમાં દિન પાંચ (૫) માં અરજી કરવાની રહેશે.

પ્રમુખશ્રી/મંત્રીશ્રી
શાળા સમિતિ પાળજ
મ શ્રી સરસ્વતી હાઈસ્કૂલ પાળજ
(પૂર્વ પ્રાથમિક વિભાગ) ધો.૧ થી ૫

# ચ. મો. સ. પા. સિનિયર સિટીઝન ફોરમ સમાપન સમારોહમાં વ્યાખ્યાન યોજાયાં



ચરોતર મોટી સત્તાવીસ લેઉઆ પાટીદાર સિનિયર સિટીઝન ફોરમના દશાબ્દી મહોત્સવ સમારોહના સમાપન સમારોહ પ્રસંગે યોજાયેલ વકતવ્ય કાર્યક્રમ પ્રસંગે લેવાયેલ તસવીરમાં ડૉ. નરેશભાઈ વેદ, ડૉ. ભગીરથભાઈ બ્રહ્મભટ્ટ, સૂર્યકાન્તભાઈ પટેલ, રોહિતભાઈ પટેલ, ગીતાબેન પટેલ, ભાનુભાઈ પટેલ વગેરે. (તસવીર : પુષ્પેન્દ્ર આર. પટેલ, આણંદ)

આણંદ, તા. ૧૧

ચરોતર મો. સ. પાટીદાર સિ. સિ. ફોરમના દશાબ્દી મહોતસવ સમારોહના સમાપન કાર્યક્રમમાં ગુજરાતના પ્રખર સાહિત્યકાર નરેશભાઈ વેદ અને ભગીરથભાઈ બ્રહ્મભટ્ટ ઉપસ્થિત રહયા.

પ્રમુખશ્રી સૂર્યકાન્તભાઈએ ફોરમના દશ વર્ષની સિદ્ધિઓની સાથે શ્રદ્ધા અને વિશ્વાસના પાયાની ઉદાહરણ સાથે જોડી સભ્યોને બિરદાવ્યા. નરેશભાઈએ પ્રેમ સદભાવ, મૃદુલા અને જીવનના આધ્યાત્મિકતાને સાથે જોડી ફોરમના સભ્યોને જીવન જીવવાનું ભાથું આપ્યું. ભગીરથભાઈએ મનુષ્યની વાસ્તવિકતાઓ કાવ્યાત્મક રીતે રજૂ કરી. જીવનને સ્પર્શની બે કાવ્ય કૃતિઓને રજૂ કરી.

ભોજન પ્રાયોજક રોહિતભાઈ પી. પટેલ, ગીતાબેન અને તેમના પરિવારને સન્માનિત કરાયા. જે. ડી. પટેલ, પ્રભુદાસભાઈ, જાગૃતિબેન, જગદીશભાઈ પટેલ, મહેન્દ્રભાઈ દ્વારા વિશેષ મહેમાનોનું સન્માન કરાયું. શરદભાઈ વકીલ દ્વારા જન્મદિન અભિવાદન કરાયું.

ભાનુભાઈ ડી. પટેલ સહમંત્રી દ્વારા આગામી કાર્યક્રમોની રૂપરેખા આપવામાં આવી. પ્રવાસ કન્વીનર હરેષભાઈ ડી. પટેલ, જયેશભાઈ પી. દ્વારા આગામી પ્રવાસનું આયોજન રજૂ કરાયું.

# ખેડા જિલ્લામાંથી હજયાત્રાએ જનારા માટે રસી કેમ્પ

આણંદ, તા. ૧૧

ચાલુ સાલે ખેડા જિલ્લામાંથી હજયાત્રાએ જનારા હજયાત્રીઓ માટે તા. ૧૬/૭/૧૮ને સોમવારના રોજ નડીઆદ મુકામે નડીઆદ સુન્ની વહોરા જમાતખાના ઉર્દુ સ્કૂલ છાંટીયાવાડ લીમડી નજીક સમય સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ વાગ્યા દરમિયાન રાખેલ છે. હજ કમિટી દ્વારા હજયાત્રાએ જનારા હાજીઓએ આ રસી લેવી ફરજીયાત છે.

તેમ નડીઆદ સિવિલ સર્જનશ્રીની એક યાદીમાં જણાવે છે તો દરેક હાજી સાહેબોએ સમયસર હાજર રહેવા જણાવાયું છે.

